## જન્મદિને વધામણી



ઝૈત્રા સલીલ યાદવ
મો. ૯૪૨૭૬ ૩૨૪૬૩



પરિધિ રાણા
મો. ૯૫૮૬૦ ૦૩૭૬૨

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫

**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦

### રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા
# સ્વતંત્રતા દિવસની રંગારંગ ઉજવણી





ગાંધીનગર, તા. ૧૭

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રંગોલી ગૃપના ટ્રસ્ટી પ્રણવ સોની આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા માર્ચપાસ્ટ, દેશભક્તિનાં ગીતો, ડાન્સ અને નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પ્રિપ્રાઈમરી વિભાગનાં બાળકોએ સુંદર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયાએ પોતાના ઉદ્‌બોધનમાં બાળકોને સ્વતંત્રતાનાં મૂલ્યોની સમજ આપી હતી. કાર્યક્રમના અંતે પ્રિન્સિપાલ ડૉ. અંજુ વર્માએ આભાર દર્શન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, મહેસાણા ખાતે પણ સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. રંગોલી ગૃપનાં ઍમડી અનામિકા અંજારિયા આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે બાળકોને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. બાળકોએ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રસ્તુત કરી હતી. કૅમ્પસ ડિરેક્ટર રાકેશ પટેલ અને પ્રિન્સિપાલ દિપક દૂબેના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# 'કલરવ' સંસ્થા દ્વારા બાળકોને રેડિયો સ્ટેશનની મુલાકાત કરાવાશે

ગાંધીનગર, તા. ૧૭

કલરવા સંસ્થાના બાળમિત્ર-સભ્યોને આગામી તા.૨૫.૮૨૦૧૬ને ગુરૂવાર-જન્માષ્ટમના રોજ સૌ પ્રથમ અમદાવાદ ખાતે રેડિઓ મિરચી સ્ટેશનની મુલાકાતે લઈ જવાના છે.

સંસ્થાના પ્રમુખ કમલ જૈને આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે કલરવ સંસ્થાના વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોએ ઓન-લાઈન કરાવેલ રજીસ્ટ્રેશન સમયે SMSથી મળેલ રજીસ્ટ્રેશનનો નંબર અને નામ સાથે આ કાર્યક્રમમાં ભાગ લેવાના ટોકન અનુદાન પેટે રૂપિયા બસો પુરા સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન ફિઝિયો થેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે, રવિવાર સિવાય, રોકડમાં જમા કરાવવાના રહે છે. ટ્રાન્સપોર્ટેશન સહિતના આયોજન માટે જરૂરી સદર અનુદાનની રકમ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૨.૮.૨૦૧૬ સાંજે ૭.૦૦ સુધીની જ છે. ઓન-ધ-સ્પોટ રજીસ્ટ્રેશન શક્ય નથી. વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોને આ કાર્યક્રમના એસ.એમ.એસ. તથા ઈ-મેઈલ આઈડી દર્શાવેલ વાલીઓને ઈ-મેઈલથી પત્ર મોકલવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત અનુદાન આપેલ બાળમિત્રોના વાલીઓએ, તા ૨૫.૮.૨૦૧૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે, તેમના બાળકની સાથે તેઓની રૂચી મુજબનો થોડો નાસ્તો, પાણીની બોટલ આપીને સેકટર-૮ ખાતે સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના મુખ્ય દરવાજા પાસે કલરવના વોલન્ટિયર્સને સોંપવાના રહેશે. ત્યારબાદ, સાંજે ૪.૦૦ કલાકે ભૂલ્યા સિવાય, પોતાના બાળકને પરત લેવા આવવાનું છે. સૌને સમયસર અનુદાનની રકમ રોકડેથી જમા કરાવવા વિનંતી છે.

સંસ્થામાં નવા સભ્યપદ બાબતે તેમણે જણાવ્યું છે કે વાર્ષિક નવા સભ્ય થવા માટે ઓનલાઈન પ્રવેશ-પત્ર વેબસાઈટ www.kalravgandhinagar.rog મારફતે ભરવાનું છે. ટૅબ કે માઉસ વડે જ એક ખાનામાંથી બીજા ખાનામાં વિગતો ભરવી. દરેક વખતે Enter key દબાવવી નહી. માત્ર ફૉર્મ પૂરુ ભર્યા પછી જ SUBMIT બટન કે Enter key દબાવવી.

### સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે
# ચાર શાળાઓએ સાથે મળીને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી





સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સૅક્ટર-૨૪ ખાતે 'આવો, સૅક્ટર-૨૪ની ઓળખ બદલીએ' અભિયાનના ભાગરૂપે નગરની ૪ શાળાઓએ સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરી હતી. વિવેકાનંદ સ્કૂલ ઉપરાંત શાંતિનિકેતન શાળા-સૅ. ૨૯, સરસ્વતી હાઈસ્કૂલ-સૅ. ૬ અને પ્રેરણા વિદ્યાલય-સૅ. ૫ આ ઉજવણીમાં જોડાઈ હતી. આ ઉપરાંત ભારત સરકારના બે વિભાગો - ઍલઆઈસી અને નહેરુ યુવા કેન્દ્ર પણ આ ઉજવણીમાં સામેલ થયાં હતાં. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સનદી અધિકારી પ્રકાશભાઈ ઠાકર, ઍલઆઈસિના મૅનેજર ડી કે ચૌહાણ, પ્રવિણભાઈ પરમાર, યુનિયન લીડર ઍચ આઈ ભટ્ટ, નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, સરસ્વતી હાઈસ્કૂલના ટ્રસ્ટી સુરેશભાઈ પટેલ, શાંતિનિકેતન સ્કૂલના ટ્રસ્ટી બિપીનભાઈ રાવલ અને સ્વામી વિવેકાનંદ સ્કૂલના ટ્રસ્ટી સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાગૃતિ મહેતાએ કર્યું હતું.

### માનસિક વિશિષ્ટ બાળકો સાથે રક્ષાબંધન ઉજવતાં
# મેયરની આંખો છલકાઈ ઊઠી





માનસિક વિશિષ્ટ બાળકોના ક્ષેત્રમાં કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધનની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જે વિશિષ્ટ બાળકો અને તેમના વાલીઓને સંબોધન કરતાં ભાવુક થઈ ગયા હતા. ફાઉન્ડેશનનાં સંચાલક મીરા ગઢવીએ માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ વસ્તુઓ આ પ્રસંગે પ્રદર્શિત કરી હતી અને અતિથિઓને તે વિશે માહિતી આપી હતી. નાનકડી બાળાઓએ મેયર અને સામાજિક કાર્યકર મુકેશ પટેલને રાખડી બાંધી હતી.

# સન્માન માંગવાનું નહીં, આપવાનું હોય

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

દામ્પત્ય જીવનમાં પતિ-પત્નીના સંબંધોને ઉજાગર કરતું એક સુંદર ફિલ્મનું સુંદર દ્રશ્ય છે. આશુતોષ ગોવારીકર દિગ્દર્શિત ફિલ્મનું નામ છે 'જોધા અકબર'. રાજસ્થાનની રાજપૂતાના કુંવરી જોધા બાદશાહ અકબરને પરણે છે. ત્યાર પછી એક દિવસ જોધા શાહી રસોડામાં પોતાના હાથે રસોઈ બનાવીને બાદશાહ પતિ અકબરને ભોજન કરવવાની ઈચ્છા વ્યક્ત કરે છે. એક માતાની જેમ અકબરને ઉછેરનાર માહમ આગાને આ વાત પસંદ નથી પડતી. ભરી સભામાં પોતાના હાથે રાંધેલા રસથાળ અકબરને પીરસવા જોધા જાય છે ત્યારે માહમ આગા બાદશાહની સલામતીની નીતીના ઓઠા હેઠળ જોધાને નિર્દેશ કરે છે કે બાદશાહને પીરસવામાં આવતું ભોજન પહેલા રસોઈ બનાવી હોય તે ચાખે. જોધા પણ આદેશનું સન્માન કરે છે. દરેક વાનગીને જૂદા જૂદા વાસણમાં લઈ ચાખે છે અને માહમ આગા દ્વારા ભરસભામાં થયેલું પોતાનું અપમાન ગળી જઈ બાદશાહના નીતિ-નિયમોનું સન્માન કરે છે. માહમ આગા 'બધું સલામત છે' એવું જાહેર કરે છે. જોધા બાદશાહને પીરસવા માટેનો રસથાળ લઈ આગળ વધે છે ત્યાં અકબર પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે કે 'જોધાએ ચાખેલી, જોધાની એંઠી વાનગી જ તેને પીરસવામાં આવે.' જોધા ખૂબ જ રાજી થાય છે કારણ કે પોતાનું બનાવેલું ને પોતાના જ ચાખેલા ભોજનનું બાદશાહ આટલું સન્માન કરશે એવી જોધાને કલ્પના ના હતી. જોધાનું ચાખેલું ભોજન જોધા દ્વારા જ અકબરને પીરસાય છે. અકબર પહેલો કોળીયો મોમાં મૂકવા જાય છે ત્યાં જોધા તેને રોકે છે અને કહે છે કે તેમાં મીઠું (નમક) ઓછું છે. બાદશાહ હસતાં-હસતાં મોમાં કોળીયો મૂકીને જોધાને સન્માન આપે છે.

ફિલ્મ જોધા-અકબરનો આ અસરકારક પ્રસંગ ફિલ્મની કથાના લેખક કે દિગ્દર્શકની કલ્પના હોય કે હકીકતમાં તેમના જીવનમાં આ ઘટના બની હોય એ મહત્વનું નથી. આ દશ્યમાં જોધા-અકબર, પત્નિ-પતિ જાહેર સભામાં એકબીજાનું પરસ્પર જે રીતે માન સાચવે છે અને સન્માન કરે છે એ વાત વધારે મહત્ત્વની છે.

બાદશાહ અકબરે પોતાની મહારાણી રાજપૂત ઘરાનાની જોધાને પોતાના મહેલમાં અનેક વિરોધો વચ્ચે ભગવાન કૃષ્ણનું મંદિર રાખવાની પરવાનગી આપીને જોધાની લાગણી અને ઈચ્છાને પણ સન્માન આપ્યું હતું.

સફળ દામ્પત્યજીવનનો પાયો પ્રેમ અને માત્ર પ્રેમ છે. પ્રમના મુખ્ય બે આધારસ્તંભ છે : પતિ-પત્ની વચ્ચે પરસ્પર વિશ્વાસ અને પરસ્પર એકબીજાનું સન્માન. પતિ દ્વારા પતિનું સન્માન અને પત્ની દ્વારા પતિનું સન્માન. પતિ-પત્ની દ્વારા એકબીજાનું માન-સન્માન જાળવવું એટલે એકબીજાની પસંદગી, નાપસંદગી, એકબીજાના ગમા-અણગમાને સ્વિકારવા. એકબીજાની વાતને, અભિપ્રાયોને, મંતવ્યોને, નિર્ણયોને યોગ્ય માન આપવું. જીવનસાથીની મર્યાદાઓને સ્વિકારવી અને મર્યાદાઓને પણ યોગ્ય સન્માન આપી મર્યાદાઓને દૂર કરવા મદદ કરવી.

દામ્પત્યજીવનમાં જ માત્ર નહિ, કોઈપણ સંબંધમાં પરસ્પર સન્માન એ દ્રીપક્ષીય છે. 'ગીવ ઍન્ડ ટેક.' વ્યક્તિ પોતે પોતાના જીવનસાથી તરફથી પોતાને માન-સન્માન મળે એવી અપેક્ષા રાખે અને પોતે એવું જ માન-સન્માન પોતાના જીવન સાથીને ના આપી શકે તો તે સંબંધો અર્થહીન બની જાય છે. દામ્પત્યજીવનમાં સન્માન માંગવાથી ના મળે. સન્માન એ માગવાની વસ્તુ જ નથી. સન્માન તો આપવાની ચીજ છે. સન્માન મળવાથી જેટલો આનંદ થાય તેનાથી વિશેષ આનંદ સન્માન આપવાથી થાય છે. જ્યારે જીવનસાથીને સન્માન આપવાથી વ્યકિતના અંતરમાં આનંદની લહેરો ઉઠે ત્યારે એવું માની શકાય કે વ્યક્તિ તેના જીવનસાથીને સાચું માન-સન્માન આપે છે.

એક પાડોશી દંપતિ. પતિ-પત્ની બંનેને ફિલ્મો જોવાનો જબરો શોખ પણ બંનેની પસંદગી સાવ અલગ. પત્નીને ઢીશૂમ-ઢીશૂમ, સ્ટંટ, થ્રીલ્સવાળી ફિલ્મો ગમે જ્યારે પતિને રોમેન્ટીક, સામાજીક, મ્યુઝીકલ, ક્લાસીકલ ફિલ્મો ગમે. આ દંપતિ હંમેશાં ફિલ્મો સાથે જ જુએ અને એ પણ થિયેટરમાં. પતિને ગમતી ફિલ્મો પત્નીને ના ગમે અને પત્નીને ગમતી ફિલ્મો પતિને ના ગમે, છતાં બંને ફિલ્મો તો સાથે જ જુએ. બંને એકબીજાની પસંદગીને સન્માન આપે.

આવું જ ઘણુબધું અન્ય દંપતિઓમાં પણ બનતું જ હોય છે. ધર્મ કે સંપ્રદાય, કપડાંની પસંદગી, રંગોની પસંદગી, ઘરની ચીજવસ્તુઓ, ઘરની સજાવટ, હરવા-ફરવાનું, બાળકોના અભ્યાસ, મહેમાનોની આગતા-સ્વાગતા કરવાની રીત, તહેવારો કે પ્રસંગોની ઉજવણી, સામાજિક વ્યવહારો કે આવી અનેક બાબતોમાં પતિ-પત્નીની પસંદગી અલગ હોય શકે છે. અભિપ્રાયો અને મંતવ્યો અલગ હોઈ શકે છે. પણ પતિ-પત્ની પોતાનાથી વિરોધાભાસી અભિપ્રાયો, મંતવ્યો કે પસંદગીને પણ સન્માન આપે તો બંને વચ્ચેના સંબંધો વધુ મજબૂત અને ગાઢ બને છે અને બંને વચ્ચે વધારે સંવાદિતતા સર્જાય છે.

એકબીજાનું સન્માન કરતા દંપતિઓના જીવનમાં ઘણીવાર એવું બને છે કે બંને એકબીજાના વિચારો કે મંતવ્યો સાથે સંમત ના હોય. આ સંજોગોમાં બંને એકબીજા સાથે દલીલબાજી નથી કરતા. એકબીજાના વિચારોને 'તારો વિચાર બેહૂદો છે, બકવાસ છે' એવું કહીને ઉડાવી નથી દેતા પણ બંને તંદુરસ્ત ચર્ચા કરે છે, ચર્ચામાંથી કંઈક નવું, બંનેને માન્ય હોય એવું તારણ શોધી કાઢે છે અને બંને સાથે મળીને નિર્ણય કરે છે.

પરસ્પર સન્માન કરતાં દંપતિઓ મોટાભાગના નિર્ણયો સાથે મળીને કરે છે અને ક્યારેક સંજોગવશાત પતિ કે પત્નીએ નિર્ણય લઈ લીધો હોય જે જીવનસાથીને ના ગમ્યો હોય તો પણ લીધેલા નિર્ણય ઉપર હર્ષભેર પોતાની સંમતિની મહોર મારે છે. જીવનસાથીએ લીધેલા નિર્ણય ઉપર એક વખત પોતાની સંમતિની મહોર લાગી જાય પછી એ નિર્ણય 'તારો' કે 'મારો' નથી રહેતો પણ 'આપણો નિર્ણય' બની જાય છે. આવું બને છે ત્યારે દંપતિ દ્વારા પરસ્પર સન્માન આપવાની ભાવના પરાકાષ્ટાએ પહોંચે છે.

જીવનમાં મહત્ત્વના નિર્ણયો લીધા પછી એવું બને કે એ નિર્ણયો ખોટા ઠરે, નિર્ણયો ભૂલ-ભરેલા હોય, લીધેલા નિર્ણયોથી દંપતિને નાનું-મોટું નુકશાન વેઠવું પડે. આવા સંજોગોમાં, એકબીજાનું સન્માન કરતા દંપતિઓ લીધેલા નિર્ણયો બાબતે એકબીજા ઉપર દોષારોપણ નથી કરતા પણ બંને સંયુક્ત રીતે જવાબદારી સ્વીકારે છે અને ખોટા ઠરેલા નિર્ણયને સુધારવા માટે પ્રયત્નો પણ કરે છે.

પરસ્પર સન્માન આપવાની વાત એ જીવનમાં કોઈ એકલ-દોકલ પ્રસંગની કે પ્રસંગોપાત આવતી ઘટનાની વાત નથી. રોજિંદા વ્યવહારમાં, નાની-મોટી ઘટનાઓમાં, કૌટુંબિક પ્રસંગો કે જાહેર મેળવડાઓમાં દંપતિઓ એકબીજાને સન્માન આપવાની પૂરતી કાળજી રાખે છે. ક્યારેક મિત્રવર્તુળમાં મજાક-મશ્કરીમાં દંપતિમાંથી કોઈ એકની કોઈ હાંસી-મજાક ઉડાડતા હોય તે સમયે આ પ્રકારના દંપતિઓ હાંસી કે મજાક ઉડાવતા મિત્રોનો નહીં પણ પોતાના જીવનસાથીનો જ પક્ષ ખેંચીને તેનું માન જાળવી રાખવા પ્રયત્ન કરે છે.

દામ્પત્યજીવનમાં પરસ્પર સન્માન આપવું એક આદત બને, એક ટેવ બને, એક રીત-રસમ કે રિવાજ બને તો એ દામ્પત્ય જીવનની સાર્થકતા ગણાય.





ગાંધીનગર મહાનગર પાલિકાના વૉર્ડ નં. ૮માં સમાવિષ્ટ સૅક્ટર-૪ પાસે સ્થિત હડમતિયા છાપરામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને તિરંગો તથા બિસ્કીટ આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વૉર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન વી મેણાત, વૉર્ડ નં. ૭ના નગરસેવક ઊર્મિલાબેન સી વર્મા, મુકેશ મારુ, મિહીર પટેલ, કિરીટ પરેરા, અનિલ ચાવડા, સુહાનભાઈ, વિનોદભાઈ ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'યાદ કરો કુરબાની' કાર્યક્રમમાં યુવા દિશા કેન્દ્ર અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સ્થાનિક કલાકારોનો દેશભક્તિ કાર્યક્રમ સૅક્ટર-૧૧ ખાતે પ્રસ્તુત થયો હતો. આ પ્રસંગે લેવામાં આવેલી તસવીરમાં યુથ બૉર્ડના પૂર્વ અધ્યક્ષ સંજીવ મહેતા, પ્રભારી સચિવ સંજીવકુમાર, કલેક્ટર એસ આઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી આઈ મોદી દશ્યમાન થાય છે.

## વાચકોને આમંત્રણ
### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'યાદ દાદા-દાદીની'